Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-40| December – January 2020

# ભારતમાં ઔદ્યોગિક કાયદાઓ

**સારાંશ:**

*ભારત સરકાર દ્વારા ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે વખતો વખત ઔદ્યોગિક કાયદાઓ પસાર કરવામાં આવ્યા અને નીતિઓ અમલમાં મુકવામાં આવી. ૧૯૫૧નો ઔધોગિક વિકાસ અને નિયમન કાયદો નોંધનીય ગણી શકાય. આ કાયદામાં કેટલીક એવી જોગવાઈ કરવામાં આવેલ હતી જેના કારણે ઔદ્યોગિક વિકાસ પર વિપરીત અસર જોવા મળી. આ કાયદામાં ઔદ્યોગિક લાયસન્સ પ્રથા અમલમાં હતી જેના પર સવાલો ઉભા થતા સરકાર દ્વારા ૧૯૬૬ દરમિયાન હજારી સમિતિ અને દત્ત સમિતિ નિમવામાં આવી હતી. આ બંને સમિતિઓ દ્વારા લાયસન્સ રાજની મર્યાદાઓ અંગે પોતાના અહેવાલો રજુ કર્યા. તેના વિકલ્પ સ્વરૂપે ૧૯૭૦માં એમ.આર.ટી.પી  એક્ટ ઘડવામાં આવ્યો. આ કાયદો ઔદ્યોગિક ઈજારાશાહી પર નિયંત્રણ અને ગેરવાજબી વેપારને અટકાવવામાં મદદરૂપ થશે તેવું માનવામાં આવતું હતું. આ કાયદાની જોગવાઇઓ તપાસતા માલુમ પડે છે કે, ઔદ્યોગિક કેન્દ્રીકરણની સમસ્યા નિવારવાના હેતુથી કાયદો લાવવામાં આવ્યો છે તથા ઔદ્યોગિક વિકાસ માટે તંદુરસ્ત વાતાવરણ ઉભું થશે તેવી ધારણા કરવામાં આવી હતી. સમય જતા કાયદામાં સુધારાઓ પણ કરવામાં આવ્યા. કાયદાની કેટલીક નબળી કડીઓના કારણે વ્યવહારમાં તેની ઉપયોગીતા ઘટતા  તેના સ્થાને ૨૦૦૨માં હરીફાઈ કાયદો અમલી બન્યો અને ૨૦૦૭માં આ હરીફાઈ કાયદામાં પણ સંશોધન કરવામાં આવ્યું હતું. આમ ભારતના ઔદ્યોગિક વિકાસમાં ઔધોગિક કાયદાઓનો  એક આગવો ઈતિહાસ જોઈ શકાય.*

**ચાવીરૂપ શબ્દો**: *ઈજારાશાહી, નિયંત્રણ, હરીફાઈ, ઉદારીકરણ, વિનિવેશ, વિકાસ, નિયમન.*

**ભારતમાં ઔધોગિક કાયદાઓ** :

**પ્રસ્તાવના –** ભારત સરકાર દ્વારા ભારતમાં ઔધોગિક વિકાસ સતત અને સમતોલ રીતે વિકસે તે માટે ઔદ્યોગિક નીતિઓ અમલમાં મુકવામાં આવી અને આ ઔધોગિક નીતિઓને સફળ બનાવવા માટે ઔધોગિક કાયદાઓ ઘડવામાં આવ્યા. સરકારનું એવું માનવું રહ્યું હતું કે સરકારી નિયંત્રણ હેઠળ દેશમાં ઔદ્યોગિક વિકાસ થશે અને દેશના લોકોને તેનો લાભ પ્રાપ્ત થશે. પરંતુ ઔદ્યોગિક નીતિઓ અને કાયદાઓ દેશના ઔદ્યોગિક વિકાસમાં બધા રૂપ પુરવાર થયા અને સરકારે તેમાં સતત સંશોધન કરવાની ફરજ પડી.

**૧૯૫૧નો ઉધોગ ( વિકાસ અને નિયમન ) કાયદો** :

આ કાયદો ઓક્ટોબર ૧૯૫૧માં પસાર થયો અને ૮ મેં ૧૯૫૨ થી અમલી બન્યો. ૧૯૪૮ની ઔધોગિક નીતિના અમલીકરણના અધિકારો પ્રાપ્ત કરવાનાં હેતુથી કાયદો અમલ કરવામાં આવ્યો હતો. આ કાયદાની કેટલીક મુખ્ય કલમો આ પ્રમાણે છે.

૧.કેન્દ્ર સરકારનું લાયસન્સ લીધા વગર કોઈપણ નવા ઔધોગિક એકમની સ્થાપના કે વર્તમાન પ્લાન્ટનો વધુ વિસ્તાર કરી શકાશે નહિ. નવી પેઢીઓને લાયસન્સ આપતી વખતે સરકાર જો જરૂરી સમજે તો સ્થાન નક્કી કરી શકે. અને પેઢીનું ન્યુનતમ કદ નક્કી કરવા માટે શરતો નક્કી કરી શકે.

૨.સરકાર એવા ઔધોગિક એકમોને પોતાના નિયંત્રણમાં લઇ શકે છે જે સરકારના માપદંડોનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે.

આ કાયદો સરકારને ઉત્પાદનની કિંમતો, ઉત્પાદનનું પ્રમાણ, ઉત્પાદનનું વિતરણ નક્કી કરવાનાં અધિકારો આપે છે. આ કાયદા અનુસાર વિકાસ પરિસદ સ્થાપવામ આવી અને આ પરિસદમાં નીયોજકો, શ્રમિકો, ગ્રાહકોના પ્રતિનિધિઓને સમાવવામાં આવ્યા. કાયદો અમલમાં આવ્યાના એક દશકા બાદ જોવા મળ્યું કે આ કાયદો પોતાના ઉદેશો પરિપૂર્ણ કરવામાં પૂર્ણ રીતે સફળ રહ્યો નથી. અને તેથી ૧૯૬૬માં પ્રો. આર.કે.હજારી સમિતિ અને પ્રો. સુબીમલ દત્ત સમિતિ નિમવામાં આવી. આ સમિતિઓએ પોતાનો અહેવાલ ૧૯૬૯માં પ્રસ્તુત કર્યો હતો. આ કાયદાની નબળાઈઓ દુર કરવાનાં હેતુથી ૧૯૬૯માં MRTP Act. પસાર થયો.

**ઈજારાશાહી અને નિયંત્રણાત્મક વેપાર વ્યવહાર કાયદો ૧૯૭૦** ( MRTP Act ) આ કાયદાના મુખ્ય બે ઉદેશો રહ્યા છે. ૧. ઈજારાશાહીને નિયંત્રિત કરવી અને ૨. ગેરવાજબી વેપાર પર નિયંત્રણ કરવો. ૧૯૬૪માં મહાલનોબીસ સમિતિ અને ૧૯૮૫માં ઈજારાશાહી તપાસ આયોગ દ્વારા દેશમાં ઔધોગિક ક્ષેત્રમાં કેન્દ્રીકરણની વધતી પ્રવૃતિઓ તરફ ધ્યાન દોર્યું. આ પ્રવૃતિઓ પર નિયંત્રણ પ્રાપ્ત કરવાનાં હેતુ થી ભારત સરકારે ૧૯૬૯માં MRTP Act. લાગુ કર્યો. અને ૧૯૭૦માં ઈજારાશાહી અને નિયંત્રણાત્મક વેપાર વ્યવહાર કમીશનની સ્થાપના કરી.

આ કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે જયારે પણ કોઈ મોટી વ્યાપારી પેઢીઓ અથવા અસરકારક એકમોની શ્રેણીમાં આવનારા ઉધોગોની કાર્યપદ્ધતિ નુકશાન જનક લાગે ત્યારે આ પ્રકારના કેશને કમિશન સમક્ષ મુકવો અને કમિશન જે નિર્ણય કરે તે આ પેઢીઓને માન્ય રાખવાનો રહશે.

**આંતર સંબંધિત તથા પ્રભાવી ઔધોગિક એકમો** ઈજારાશાહી અને નિયંત્રણાત્મક વેપાર વ્યવહાર અધિનિયમના કાર્યક્ષેત્રમાં બે પ્રકારની પેઢીઓને સામેલ કરવામાં આવી.

૧. એવી પેઢીઓ કે જેની પોતાની તથા તેનાથી જોડાયેલા એકમોની સંપતિ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. (૧૯૮૫ પહેલા આ મર્યાદા ૨૦ કરોડ રૂપિયા હતી) ૨. એવી પેઢીઓ અથવા પ્રભાવી એકમો જે કોઈ વસ્તુઓ અથવા સેવાઓનો ૧/૪ ભાગથી વધુ પ્રમાણમાં પુરવઠો પૂરો પાડે છે. અને જેની સંપતિ ૩ કરોડ થી વધુ છે. (૧૯૮૫ પહેલા આ મર્યાદા ૧ કરોડ હતી)

૧૯૯૦ના અંત સુધીમાં MRTP Act. હેઠળ ૧૮૫૪ પેઢીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાંથી ૧૭૮૭ પેઢીઓ મોટા વેપારી ઘરનાઓની હતી અને ૬૭ અસરકારક એકમો હતા. ૨૪ જુલાઈ ૧૯૯૧નાં રોજ જાહેરાત કરવામાં આવેલ નવી ઔધોગિક નીતિમાં MRTP કંપનીઓની સંપતિ મર્યાદા પૂર્ણપણે સમાપ્ત કરવામાં આવેલ આ રીતે આ કાયદો લગભગ નિષ્પ્રભાવી બની ગયો.

ઈજારાશાહી, નિયંત્રણાત્મક અને અનુચિત વ્યાપાર વ્યવહાર અનુસાર નિયંત્રણાત્મક વ્યાપાર વ્યવહાર અંતર્ગત એવો વેપાર વ્યવહાર સામેલ કરવામાં આવ્યા જે કોઈપણ સ્વરૂપે હરીફાઈમાં અડચણ ઉભી કરે છે તેને રોકવો અથવા અટકાવવો અથવા નિષ્ફળ બનાવવો. વિશેષ રીતે તેમાં નીચે મુજબની પ્રવૃતિઓ સામેલ કરવામાં આવી.

૧. એવી પ્રવૃતિઓ જે ઉત્પાદન પ્રક્રિયામાં મૂડી અથવા અન્ય સંસાધનોના પ્રવાહમાં બાધારૂપ બને. ૨. એવી પ્રવુતિઓકે જે કિંમતો અથવા પુરવઠાની શરતોમાં છળ કપટ કરે જેથી ગ્રાહકોને અનુચિત ખર્ચ અથવા પ્રતિબંધોનો સામનો કરવો પડે.

ઈજારાશાહી વેપાર વ્યવહાર અંતર્ગત એવા વેપાર વ્યવહાર સામેલ કરવામાં આવ્યા જેની નીચે પ્રમાણેની અસરો જોવા મળી શકે.

૧.કિંમતોમાં બિન પ્રાકૃતિક રીતે વધારો કરી રાખવો
૨. હરીફાઈને અયોગ્ય રીતે રોકવી.
૩. ટેકનોલોજીકલ વિકાસમાં અવરોધો ઉભા કરવા અને મૂડીરોકાણમાં અવરોધો ઉભા કરવા.
૪. વસ્તુની ગુણવત્તામાં ઘટાડો થવા દેવો.
૧૯૮૪માં કરવામાં આવેલા સુધારા બાદ નીચે મુજબની પ્રવૃતોને ઈજારાશાહી વેપાર વ્યવહાર અંતર્ગત સમાવવામાં આવેલ.
૫. ઉત્પાદનનું ખર્ચ અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓની કિંમતોમાં અનુચિત વધારો.
૬. વસ્તુ અથવા સેવાઓની કિંમતોમાં, અથવા વિતરણ જાન્ય લાભોમાં અયોગ્ય વિદ્ધિ.
૭. ઉત્પાદન, પુરવઠો અથવા વિતરણમાં થનાર હરીફાઈને રોકવી.
૧૯૮૪માં કરવામાં આવેલા સુધારા બાદ આ કાયદાને અનુચિત વેપાર વ્યવહાર પર પણ લાગુ કરવામાં આવ્યો. અનુચિત વેપાર વ્યવહાર અંતર્ગત નીચે મુજબની પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો.
૧. સસ્તી કિંમતોએ કોઈપણ વસ્તુનું વેચાણ અંગેની જાહેરાત કરવી.
૨. ઉપહાર કે ભેટની લાલચ આપવી.
૩. હલકી વસ્તુઓનું વેચાણ.
૪. વસ્તુઓની જમાખોરી કરવી. અથવા વસ્તુઓ નાશ કરવી વગેરે..

**ઉદારીકરણની પ્રક્રિયા** MRTP ACTની અસરકારકતાને ઓછી કરવા માટે સરકારે સમયે સમયે કંપનીઓને વિવિધ પ્રકારની છૂટ આપી હતી. તેનું પરિણામ એ આવ્યું કે, મોટા ઔધોગિક ઘરનાઓને પોતાનો વ્યવસાય વધારવાની તક મળી જે પહેલા તેના માટે નિયંત્રણ હતા. આમ ઉદારીકરણની પ્રક્રિયા શરૂ થઇ અને તેણે અંતે હરીફાઈનું સ્વરૂપ ધારણ કર્યું.

**હરીફાઈ કાયદો -૨૦૦૨** ૧૯૯૧માં આર્થિક ઉદારીકરણની પ્રક્રિયા શરુ થયા બાદ નિગમ ક્ષેત્ર સરકારપર એવું દબાણ લાવતા રહ્યા કે MRTP Act. સમાપ્ત કરવામાં આવે તર્ક એવો વ્યક્ત કરવામાં આવ્યોકે ઉદારીકરણ અને વેશ્વીકીકરણના નવા વાતાવરણમાં ભારતીય ઉધોગોની ક્ષમતા વધારવામાં આવે. જેથી ટે વિદેશી ઉધોગો સામે સ્પર્ધા અને હરીફાઈ કરી શકે. આ બાબત ધ્યાનમાં લઈ સરકારે એસ.વી.એસ. રાઘવનની અધ્યક્ષતામાં એક સમિતિ રચી જેણે ૨૨ મેં, ૨000 ના રોજ પોતાનો રીપોર્ટ રજુ કર્યો. આ રીપોર્ટમાં સુચન કરવામાં આવ્યું કે

MRTP Act. ને નિરસ્ત કરવામાં આવે અને તેના સ્થાને એક નવો હરીફાઈ કાયદો લાગુ થાય. આ માટે સરકારે સંસદમાં હરીફાઈ બીલ -૨૦૦૧ પ્રસ્તુત કર્યું જેને ડીસેમ્બર ૨૦૦૨માં પાસ કરવામાં આવ્યું. જેને હરીફાઈ કાયદો ૨૦૦૨ તરીકે ઓળખવામાં આવે છે.

આ અધિનિયમનો હેતુ બજારમાં મૂક્ત અને ન્યાયિક હરીફાઈ ઉભી કરવાનો છે. અધિનિયમમાં આ મુજબની ત્રણ વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે.

૧. હરીફાઈ વિરોધી કરારો પર નિયંત્રણ.

૨.અસરકારક શક્તિના દુરઉપયોગપર નિયંત્રણ.

૩. સંગઠનોનું નિયમન.

કાયદાની કલમ ૩માં હરીફાઈ વિરોધી કરારોનું વિવરણ કરવામાં આવ્યું છે. અને તેના પર નિયંત્રણની વ્યવસ્થા છે. આ સંદર્ભમાં કોઇપણ પેઢી (પેઢીઓનો સમૂહ) વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન, પુરવઠો, વિતરણ, અધિગ્રહણ અથવા નિયંત્રણ એ પ્રકારનો કોઈ કરાર નહિ કરે જેનાથી દેશમાં હરીફાઈ પર પ્રતિકુળ અસર ઉભી થાય. જો આ પ્રકારનો કોઇપણ કરાર કરવામાં આવે તો તે બિન વૈધાનિક ગણવામાં આવશે. આ રીતે કિંમત નિર્ધારણ, પુરવઠામાં નિર્ધારણ, ટેકનોલોજીકલ વિકાસ અને મૂડીરોકાણને લઈને પણ કોઈ હરીફાઈ વિરોધી કરાર કરી નહિ શકાય. કાયદાની કલમ ૪ મુજબ કોઇપણ ઉધોગ પોતાની અસરકારક્શક્તિનો દુરુઉપયોગ નહિ કરી શકે. આ સંદર્ભમાં નોધવાયોગ્ય બાબત એ છે કે, પ્રભાવી શક્તિ હોવી તેનો કોઈ વિરોધ નથી પરંતુ પ્રભાવી શક્તિનો દુરુપયોગ થાય તેનો વિરોધ છે. જો કોઈ ઉધોગ પ્રભાવીશક્તિનો દુરુપયોગ કરીને ખરીદ-વેચાણમાં અયોગ્ય શરતો રાખે છે અથવા ઉત્પાદન અથવા વિકાસ પર નિયંત્રણ કરે છે અથવા અન્ય ઉધોગને પ્રવેશમાં બાધા ઉભી કરે છે. તો તેને પ્રભાવીશક્તિઓનો દુરઉપયોગ કર્યો તેમ કહેવાય. કાયદાની કલમ ૫ મુજબ સંગઠનની વ્યાખ્યા કરવામાં આવેલ છે. અને કલમ ૬માં સંગઠન પર નિયંત્રણ અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. કાયદાની કલમ ૭ અનુસાર દેશમાં ભારતીય હરીફાઈ કમિશનની રચના અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. અને કાયદાની કલમ ૧૮ અનુસાર આ કમિશનનો હેતુ હરીફાઈમાં બાધારૂપ પ્રવૃતિઓને અટકાવવી અને બજારમાં હરીફાઈને પ્રોત્સાહન પૂરું પાડવું તથા ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું. હરીફાઈનો કાયદો ૨૦૦૨ ઉદારીકરણ અને વૈશ્વિકીકરણના નવા વાતાવરણમાં યોગ્ય છે. આ કાયદામાં ૨૦૦૭માં સંશોધન કરવામાં આવ્યું છે.

## સંદર્ભ


I. Industrial Policy Resolutions Of 1948, 1956, 1991
II. Industrial Act. 1951
III. MRTP Act. 1970
IV. Competition Act 2002.
V. પૂરી વિ.કે અને મિશ્ર એસ.કે., ભારતીય અર્થવ્યવસ્થા, હિમાલયા પબ્લિકેશન્સ.

*****************************************************************************************

**પ્રા. જે. એસ. વાઢેર**
અધ્યક્ષ
અર્થશાસ્ત્ર વિભાગ
શ્રી એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ.એમ. આર્ટ્સ કોલેજ
મોડાસા

Copyright © 2012 – 2020 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat